ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૩૧ ટકા









રોજગારી માટે લોકો કયાંથી કયાં સ્થળાંતર કરતા હોય છે. 'પેટ કરાવે વેઠ' એ ઉકિતને સાર્થક કરતા હોય તેમ છેક રાજસ્થાનથી ગાંધીનગર આવેલા આ કારીગરો જાતભાતના ચબુતરા બનાવી તેનું વેચાણ કરી રહ્યા છે. સાથે સાથે બીજા રસોઈમાં કામ લાગતા વાસણો તેમજ ચુલો પણ બનાવીને વેચી રહ્યા છે. પંચદેવ મંદિરની સામે છેલ્લા કેટલાય દિવસથી બેસેલો આ પરિવાર પેટીયુ રળવા ચબુતરા બનાવી વેચી રહ્યો છે અને સારી ઘરાકીની આશા રાખી રહ્યો છે.

# ગૂગલ ગર્લ તરીકે જાણીતી ૮ વર્ષની કામખ્યા રાઠીની અનોખી સિદ્ધિ

## ચોથા ધોરણમાં ભણતી કામખ્યા ભારતના રાજ્યો અને રાજધાનીઓ માત્ર ૧૭ સેકન્ડમાં અને વિશ્વના ૧૭૦ દેશો અને રાજધાનીઓના નામ માત્ર ૨ મિનિટમાં બોલે છે




ગાંધીનગરની ગૂગલ ગર્લ અને 'પોએમ ક્વિન' તરીકે જાણીતી વાવોલના શાલ્વિક હોમ્સ સોસાયટીમાં રહેતી ૮ વર્ષની દિકરી કામખ્યા રાઠીએ ફરી એકવાર ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે. આ વખતે તેણે 'ઈન્ડિયા બુક રેકોર્ડ્સ'માં રેકોર્ડ નોંધાવ્યો છે જેમાં તેણે 'ભારતના રાજ્યો અને રાજધાનીઓ' માત્ર ૧૭ સેકન્ડમાં જ કહી બતાવી હતી. એટલું જ નહીં, તેણે બીજા રેકોર્ડમાં તેણે 'પાઈની દશાંશ પછી ૧૦૦ અંકો દર્શાવવા માટેની સંખ્યા' પણ ફક્ત ૧૨ જ સેકંડમાં કહી દીધી હતી. આ ઉપરાંત કામખ્યા રાઠી ફક્ત બે મિનિટમાં જ ૧૭૦થી વધુ દેશો અને તેમની રાજધાનીઓના નામ કહી શકે છે. તેણે સો કરતા વધારે કવિતાઓ યાદ કરી છે અને એવું લાગે કે જાણે એક શ્વાસમાં તે બધી કવિતાઓ એકરૂપ થઈને ગાવા લાગે છે. તે ગુજરાત અને દેશના ઘણા અખબારો અને ટીવી ચેનલો પર માત્ર બે જ વર્ષની ઉંમરે દેખાઈ હતી અને તેણે ઘણા સ્ટેજ શો પણ કર્યા છે. મૂળ રાજસ્થાનના સાંચોર જિલ્લાના ઝાલોરની દિકરી કામખ્યા રાઠી હાલ ગાંધીનગરના સેક્ટર-૩૦માં કેન્દ્રીય વિદ્યાલયમાં ધોરણ-૪માં અભ્યાસ કરે છે. તેના પિતા એરફોર્સમાં છે અને માતા વાવોલમાં પ્રિસ્કૂલ ચલાવે છે.

# આઈઆઈટી ખાતે નાટયશાસ્ત્ર વિષયે ઓનલાઈન વ્યાખ્યાનોનું આયોજન

## જાણીતા નૃત્યાંગના પદમભૂષણ ડૉ. પદમા સુબ્રમણ્યમ નાટયશાસ્ત્રના મહત્વના ખ્યાલો સમજાવશે

ગાંધીનગર, તા.૯

નાટ્યવિદ્યા જગતના સૌથી પ્રથમ ઉપલબ્ધ સાહિત્યને સમજવા, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) દ્વારા ઈન્ડિયન નોલેજ સિસ્ટમ્સ (આઈકેએસ)ના વૈકલ્પિક કોર્સની પાંચમી આવૃત્તિ હેઠળ આવનારા બે વ્યાખ્યાનો ભરત મુનિના નાટ્યશાસ્ત્ર વિશે વાત કરશે. પ્રખ્યાત નૃત્યાંગના અને પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રના સમર્પિત નિષ્ણાત, ડૉ પદ્મા સુબ્રહ્મણ્યમ, ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ સાંજે ૩ થી ૪ કલાક દરમિયાન 'માર્ગઃ પરફોર્મિંગ આર્ટ્સનો ઓછો જાણીતો પાયો' અને 'માર્ગની અંદર વણાયેલ દેશીસ' વિષયો પર બે ઓનલાઈન વ્યાખ્યાનો આપશે.

આ વ્યાખ્યાનોના મુખ્ય વકતા ડૉ. પદ્મા સુબ્રહ્મણ્યમ ભરતનાટ્યમના પ્રોત્સાહનકર્તા



છે, જેમણે વિશ્વભરના પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નૃત્ય મહોત્સવોમાં પોતાની કલા રજૂ કરી છે. તેમણે પરફોર્મિંગ આર્ટ્સના ક્ષેત્રમાં ઘણું સંશોધન કર્યું છે, ખાસ કરીને તમિલનાડુના મંદિરોમાં કર્ણા શિલ્પો ઉપરાંત, નૃત્ય અને નાટ્યશાસ્ત્ર જેવા ગ્રંથોને લગતા ઘણા પુસ્તકો લખ્યાં છે. આઈઆઈટી ગાંધીનગર ખાતેના તેમના વ્યાખ્યાનોમાં ડૉ. સુબ્રહ્મણ્યમ નાટ્યશાસ્ત્રના કેટલાક ચાવીરૂપ ખ્યાલો વિશે અને પરફોર્મિંગ આર્ટ્સના બે સ્વરૂપો માર્ગ અને દેશી કેવી રીતે એકબીજા સાથે જોડાયેલા છે તે વિશે વાત કરશે. નાટયશાસ્ત્રના ગ્રંથના અધ્યયનના આધારે, કળા અને સાહિત્યનું સામાન્ય ભારતીય વ્યાકરણ, નાટયશાસ્ત્ર પછીના સમયગાળામાં માર્ગ તરીકે ઓળખાય છે. દેશીસ એ પરફોર્મિંગ આર્ટસના પ્રાદેશિક સ્વરૂપો છે. ડૉ. પદ્મા સુબ્રમણ્યમે દેશી સાથેના માર્ગના સંબંધને બતાવતા નૃત્યમાં માર્ગની નવરચના કરી છે.





એસ.કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઓનલાઈન નોન ફાયર કુકિંગ ડે યોજાયો હતો. જેમાં બાળકોએ પોતાની માતા સાથે ભેળ, વેજીટેબલ સેન્ડવિચ, સલાડ, ફ્રુટ સલાડ, જયુસ, પાણીપુરી જેવી અવનવી નોન ફાયર વાનગીઓ બનાવીને આપી હતી.

## ગુરુવારે સે-૩ ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૯

કોવિડ-૧૯ની અસર તળેથી શહેરીજનો ધીરે ધીરે બહાર આવી રહ્યા છે ત્યારે માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકરના મધુર કંઠે રામેશ્વર મંદિર સે-૩ ખાતે તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. પ્રસાદના દાતા નિશાબેન પંજાબી છે. સૌ ભકતજનોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આનંદના ગરબા દરમિયાન કોવિડ-૧૯ની તમામ ગાઈડલાઈનનું પાલન કરતા ભકતજનોએ ફરજિયાત માસ્ક પહેરીને આવવાનું રહેશે.

# લાયન્સ કલબ ફેમીના દ્વારા લિંબોદરા ખાતે નેત્ર નિદાન અને ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૯

લાયન્સ કલબ ફેમીના દ્વારા ગાંધીનગર જિલ્લાના લીંબોદરા ગામ ખાતે નેત્ર નિદાન અને ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો લાભ ૩૦૦થી વધુ ગ્રામજનોએ લીધો હતો. આ કેમ્પમાં ભાગ લેનાર જરૂરિયાતમંદને નિઃશુલ્ક ચશ્મા આપવામાં આવ્યા હતા અને ૫૦થી વધુ મોતીયાના દર્દીઓને શોધી નિઃશુલ્ક ઓપરેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ડાયાબીટીસ નિદાન કાર્યક્રમ અંતર્ગત માસ્ક અને સેનેટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં આંખોના રોગના નિષ્ણાંત ડૉકટર ભૌમિક રાવલ અને ટીમે સેવા આપી હતી. આ કેમ્પને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ મમતાબેન અને ટીમ ઉપરાંત ગામના સરપંચ કુમાર રણજીતસિંહ અને ડિસ્ટ્રીકટ ઓફિસર જયંતિભાઈ પ્રજાપતિનો ફાળો રહ્યો હતો.

# જે.સી. પટેલે વિદ્યાર્થીઓને કોવિડ પછીના સમાજમાં યુવાનોની ભૂમિકા સમજાવી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેની બીબીએ કોલેજમાં અભ્યાસક્રમના ભાગરૂપે ઓનલાઈન માધ્યમથી વિદ્યાર્થીઓ માટે 'કોવિડ પછીના સમાજમાં યુવાનોની ભૂમિકા' વિષયે જાણીતા મોટિવેશનલ વકતા જે.સી. પટેલના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ અને ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના પણ ઉપસ્થિત રહ્યા હતા.




જે.સી. પટેલે વિદ્યાર્થીઓને કોવિડ પછીના સમયગાળામાં યુવાનોની જવાબદારી વધી હોવાનું જણાવી તેનું નિર્વાહન કરવા પ્રેરિત કરતું ચોટદાર વકતવ્ય આપ્યું હતું. આ માટે તેમણે ભગવદગીતાના કર્મ આધારિત સિધ્ધાંતને આદર્શ બનાવી આ જવાબદારી નિભાવવા હાકલ કરી હતી. કાર્યક્રમમાં એકસોથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમના આયોજનમાં કોલેજ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# સે-૨૪માં બિસ્માર માર્ગોના કારણે પ્રજાને હાલાકી





ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૨૪માં પોલીસ ચોકીથી આદર્શનગર તથા સત્યમ ફલેટ વચ્ચે આવતા માર્ગ પર થોડા સમય પહેલા ગટરલાઈનને અનુલક્ષીને ખોદકામ કરવામાં આવ્યું હતું. તે પછી રોડની દુર્દશા જેમની તેમ રહેતા આ વિસ્તારના વસાહતીઓને હાલાકી ભોગવવી પડી રહી છે.

સેકટર-૨૪ એ શહેરના ગીચ વસ્તી ધરાવતા સેકટરો પૈકીનું એક સેકટર છે. જેમાં સ્થાનિક બજારના કારણે આસપાસના સેકટર્સના વસાહતીઓની અવરજવર પણ મોટા પ્રમાણમાં રહે છે. આ સેકટરમાં અગાઉ ખોદી નાંખવામાં આવેલા રોડ હજુ પણ પેવરીંગ કરીને યથાવત કરવામાં આવ્યો ના હોવાથી અહીં ધૂળની ડમરીઓ મોટા પ્રમાણમાં ઉડતી જોવા મળે છે જેના કારણે વસાહતીઓ તથા મુલાકાતીઓ શરદી-ખાંસી જેવી તકલીફો સાથે પરેશાની ભોગવી રહ્યા છે. બિસ્માર રોડના કારણે અહીં અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર અહીં અત્યારે સત્તા પર જે કોર્પોરેટર્સ છે તે અને પૂર્વ કોર્પોરેટર્સ વચ્ચે ગજગ્રાહના કારણે પ્રજાના વિકાસ કાર્યો આ રીતે અટવાઈ રહ્યા છે. આ બંની લડાઈનો ભોગ પ્રજાને બનવું પડી રહ્યું છે. સ્થાનિક વસાહતીઓ દ્વારા જવાબદાર તંત્ર સુધી રજુઆતો કરવામાં આવી હોવા છતાં આ સમસ્યાને ઉકેલવામાં તંત્રએ કોઈ રસ દાખવ્યો નથી.









આપણે જાણીએ છીએ એમ મનુષ્યને જીવવા માટે હવા, પાણી અને ખોરાકએ મૂળભૂત જરૂરીયાતો છે. આ ત્રણ વિના મનુષ્યનું અસ્તિત્વ શક્ય નથી. અત્યારની પરિસ્થિતિ અને પ્રદુષણ જોતા પૃથ્વી પરથી પાણીનો જથ્થો ઓછો થતો જાય છે. નજીકના ભવિષ્યમાં તો આપણે પાણી માટે વલખા મારવા પડશે તો આપણે આપણું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જોઈએ અને પાણીનો બચાવ કરવો જોઈએ.

'જલ હી જીવન હૈ' નો સંદેશો આપવા માટે ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળાના વિદ્યાર્થીઓએ 'સેવ વોટર'ની પ્રવૃત્તિ કરી પાણી બચાવવાનો સંદેશો પાઠવ્યો હતો.

# પેથાપુરના વાંટામાં ૫૨૭ વર્ષ જુના નેમિનાથ જૈન દેરાસરનો રસપ્રદ ઈતિહાસ




ગાંધીનગર, તા.૯

પેથાપુરના વાંટામાં વાણીયાવાડા વાસમાં જૈનોનું ૫૨૭ વર્ષ જૂનું શ્રી નેમિનાથ દિગંબર જૈન દેરાસર આવેલું છે. દેરાસરમાં કુલ સાત દેવ બિરાજમાન છે જેમાં મૂળ નાયક શ્રી નેમિનાથ ભગવાન છે જેમની આરસની મૂર્તિ છે. આ સાથે બીજી ૬ મૂર્તિ પંચધાતુની છે જેમાં પાર્શ્વનાથ ભગવાનની બે, શાંતિનાથ ભગવાનની એક, ચોવીસ તીર્થકંરની બે તથા નંદિશ્વર દિપની એક મૂર્તિ છે.

પેથાપુરમાં જૈનોના કુલ સાત ઘર આવેલા છે. આજથી ૯૦ વર્ષ પહેલા ગુજરાતમાં પ્રથમ વખત મૂનિન્દ્ર સાગર મહરાજ અને પછી વિરસાગર મહરાજ નું ચતુર્માસ કરવામાં આવ્યું હતું જે વખતે આખા દેશ માંથી મોટા-મોટા શેઠીયાઓ પેથાપુર આવ્યા હતા. ઈ.સ.૧૯૫૨માં શ્રી નેમિનાથ દિગંબર જૈન મંદિરના ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન થયું હતું જેના પ્રથમ ટ્રસ્ટી મણિલાલ નાહલચંદ કોઠારી હતા. આ મંદિર ૫૦૦ ચોરસ મીટર જેટલી જગ્યામાં વિકસેલું છે. હાલમાં આ મંદિરના પ્રમુખ જીતેન્દ્રભાઈ રમણલાલ શાહ, અને ઉપપ્રમુખ જશુભાઈ છે. કુલ આઠ ટ્રસ્ટીઓ છે. જેમાંથી એક ટ્રસ્ટી શ્રેયાશભાઈ સુરેશ ભાઈ કોઠારી જે પેથાપુરમાં રહે છે. એવું માનવામાં આવે છે કે આ મંદિર ચમત્કારીક પણ છે અને કોઈ કોઈ દિવસે પરોઢિયે પાંચ વાગ્યે મંદિર બંધ હોવા છતાં મંદિરમાં ઘંટ વાગે છે એવું અહીંના આજુબાજુના સ્થાનિકોનુ કહેવું છે. આ બાબતે જૈન શ્રધ્ધાળુઓનુ માનવુ છે કે સ્વર્ગલોકના ઈન્દ્રો ભગવાનની આરતી કરવા આવતા હોવાથી મંદિરમાં પરોઢિયે ઘંટ વાગે છે. હવે આ સ્થળને અતિશય ક્ષેત્ર તરીકે વિકસાવવા માટે ટ્રસ્ટ દ્વારા વિચારણા ચાલી રહી છે.

## ગ-૬ પાસેથી વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ચોકડી પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સને સેકટર-૨૧ પોલીસના ડી સ્ટાફે પકડી પાડ્યા છે. પોલીસ જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમય દરમિયાન હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ રાણા તેમજ કોન્સ્ટેબલ અલ્પેશસિંહને ખાનગી રાહે બામતી મળી હતી જેને પગલે પોલીસે ટાટા ચોકડી થી ઘ-૬ તરફ જતા રીક્ષામાં મુસાફર તરીકે બેઠેલા તુષારસિંહ કનુસિંહ વાઘેલા (કાકાનો માઢ કોલવડા ગામ) ને પકડી પાડ્યા હતા. પોલીસે ફોન ચેક કરતા તેમા વોટસએપ પર વરલી મટકાનો આંકડા લખેલા હતા. પોલીસે પુછતાછ કરતા યુવકે વિવિધ વ્યકિત પાસેથી વલણ લઈને ગોઝારીયા ખાતે જય ગુરુદેવને આપતો હોવાનું જણાવ્યું હતું. જયારે તુષારને વલણ આપતા વિષ્ણુજી ઠાકોર ને પકડી પાડ્યો હતો. પોલીસે બંને પાસેથીરૂ.૨૬૦૦ રોકડ, આંક લખેલી ડાયરી, ફોન મળીને રૂ.૩૧૦૦ મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાલજ પાસે એકટીવા સ્લીપ થતા યુવકનુ મૃત્યુ

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા પાલજ ગામ પાસે એકટીવા સ્પીલ થઈ જતા પ્રાંતિયા ગામના યુવકનું મૃત્યું નિપજયુ હતું. પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિયા ગામની ઉમિયાનગર સોસાયટી ખાતે રહેતો રાજ જીતેન્દ્રભાઈ પટેલ રવિવારના રોજ પોતાનું એકટીવા લઈને રામપુરાથી પાલજ તરફ જઈ રહ્યો હતો. તે સમયે બપોરના એક વાગ્યાના અરસામાં પાલજ ગામ નજીક અચાનક એકટીવા સ્લીપ થઈ ગયુ હતું. એકટીવા સ્લીપ થતા યુવક રાજ માર્ગ પર પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. બનાવની જાણ થતા સોસાયટીના સભ્યો અને પરિવારના નાગરીકો સ્થળ પર દોડી આવ્યા હતા. તે સમયે રાજ માર્ગ પર નીચે પડ્યો હતો જેથી તેને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. જયા પ્રાથમિક સારવાર બાદ વધુ સારવારઅર્થે અમદાવાદ ખાતે રીફર કરાયો હતો.જયાં રાત્રીના સમયે સારવાર દરમિયાન તેનું મૃત્યું નિપજયું હતું.

## જન્મદિને વધામણી



મંગળભાઈ જે. શાહ
(ડાયરેક્ટર - તપોવન સંસ્કાર પીઠ)
મો. ૯૪૨૯૨ ૨૦૮૦૯



નયના નિખિલ વૈષ્ણવ
મો. ૯૪૨૭૩ ૦૬૩૮૦



જય ભાનડે
મો. ૭૩૫૯૭૬૯૭૩૬

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. રાઠોડ ગંગાબેન ગીરીશભાઈ
  ઉ.વ. ૭૫, સેકટર-૨
- સ્વ. દંતાણી ગીતાબેન પોપટભાઈ
  ઉ.વ. ૪૫, વાવોલ, કુબેરનગર
- સ્વ. દવે કૈલાસબેન પ્રવિણચંદ્ર
  ઉ.વ. ૬૬, ઉવારસદ
- સ્વ. ભંગી નવાબેન કાળાભાઈ
  ઉ.વ.૯૦, સે-૨૮, ચરેડી છાપરાં
- સ્વ. પંડયા મનીષાબેન કવીશકુમાર
  ઉ.વ. ૪૫, સેકટર-૨૭
- સ્વ. ઠાકોર દશરથજી રાયસંગજી
  ઉ.વ. ૫૫, ધોળાકુવા
- સ્વ. રાઠોડ બાલુબેન મણાજી
  ઉ.વ. ૫૬, પેથાપુર
- સ્વ. મહેતા ગૌતમકુમાર કમળાશંકર
  ઉ.વ. ૭૦, સેકટર-૨૭